સંદેશ, પાના નંબર :- ૦૨,
તારીખ :- ૧૮/૦૨/૨૦૨૬.

## ૫ વર્ષમાં પોલીસ માટે ૨૦,૪૪૪ મકાન બનાવવા માટે રૂ. ૧,૫૭૧ કરોડ મંજૂર

રાજ્યના ગૃહવિભાગ માટે બજેટમાં રૂ.૧૪,૨૬૫ કરોડની જોગવાઈ કરાઈ છે, જેમાં પાંચ વર્ષમાં પોલીસ માટે ૨૦૪૪૪ મકાનો બનાવવાનું આયોજન કરાયુ છે તેના માટે ૧,૫૭૧ કરોડ ફાળવાશે. જયારે ડાયલ ૧૧૨ માટે ત્રણ હજાર જગ્યાઓ ઉભી કરાશે અને ચાર એન્ટી ડ્રોન ખરીદવા ૨૦ કરોડ ફાળવશે. રાજ્યમાં પોલીસની કચેરીઓ તેમજ પોલીસ સ્ટેશન માટે ૧૦૭ મકાનો ઉભા કરાશે. આ માટે ૧૩૬ કરોડની જોગવાઈ કરી છે. પોલીસ પેટ્રોલિંગને સુદઢ બનાવવા માટે ૫૦ સ્પેશ્યલ ઓપરેશનલ વ્હિકલ ખરીદાશે. જેના માટે નવ કરોડની જોગવાઈ કરાઈ છે.

## અમદાવાદ, સુરત મેટ્રોના વિકાસ માટે ૨,૨૧૭ કરોડ ફાળવાયા

બજેટમાં ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ૨,૨૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઇ છે. આ જોગવાઇથી અમદાવાદ મેટ્રોના વિવિધ કોરિડોરના કામોને વધુ ગતિ મળશે તેમજ શહેરના વધુ વિસ્તારોને મેટ્રો સેવા સાથે જોડવાની દિશામાં પ્રગતિ થશે. સુરત શહેરમાં પણ મેટ્રો પ્રોજેક્ટના વિકાસ અને વિસ્તરણને વેગ મળશે. જેનાથી વધતા વાહનવ્યવહાર અને ટ્રાફિકની સમસ્યામાં રાહત મળવાની અપેક્ષા છે. મેટ્રો સેવા શહેરોમાં ઝડપી, સલામત અને પર્યાવરણમૈત્રી પરિવહન વિકલ્પ તરીકે વિકસિત થઇ રહી છે. મેટ્રોના વિસ્તરણથી ખાનગી વાહનો પરનું ભારણ ઓછું થશે.

## અમદાવાદનો SG હાઈવે બનશે ગ્રીન હાઈવે, ૧૦૦ કરોડ ખર્ચાશે

શહેરી પરિવહનને વધુ સુદઢ અને વ્યવસ્થિત બનાવવા માટે સ્માર્ટ પાર્કિંગ તથા ઇન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ માટે બજેટમાં ૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. અમદાવાદના SG હાઇવેને ગ્રીન શહેરી હાઇવે તરીકે વિકસાવવા ૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આ પ્રોજેક્ટ હેઠળ માર્ગ કિનારે હરિયાળી વિકાસ, એનર્જી-એફિશિયન્ટ લાઇટિંગ, વરસાદી પાણી સંચય જેવી પર્યાવરણમૈત્રી સુવિધાઓ ઊભી કરાશે. શહેરમાં પ્રદૂષણ ઘટશે. બજેટમાં ટ્રાફિક વ્યવસ્થા સુધારવા , પર્યાવરણને અનુકુળ ઇન્ફ્રાસ્ટ્રક્ટર વિકસાવર્વ, સ્માર્ટ ટેક્નોલોજી આધિરિત ટ્રાફિક સિસ્ટમ અને ગ્રીન હાઇવેના વિકાસ માટે નાણાં ફાળવાયાં છે.